પાલનપુરની સપના માળીએ એકના ડબલ કરવાની લાલચ આપી લાખો રૂપિયા લઈને પલાયન

બનાસકાંઠા ગ્રામ વિકાસ યોજના અંતર્ગત ચામુંડા સખી મંડળ બનાવી લાખો ની છેતરપિંડી આચરી : લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મળે એ કહેવત સાર્થક સાબિત

બનાસકાંઠા માં આજે વધુ એક છેતરપિંડી થયાનો કિસ્સો પ્રકાશ માં આવ્યો છે જેમાં સ્થાનિકો ને એક ના ડબલ કરી આપી છેતરપિંડી કરાતી હોવાના આક્ષેપો કરાયા છે.પાલનપુર માં સપના માળી નામની યુવતી એ બનાસકાંઠા ગ્રામ વિકાસ યોજના અંતર્ગત ચામુંડા સખી મંડળ બનાવી લાખો ની છેતરપિંડી કરાયા આક્ષેપો સાથે પાલનપુર પોલીસ મથકે જાણ કરી છે જેના પગલે પોલીસ પણ દોડતી થઈ છે। લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ના મરે આ કહેવત ને પાલનપુર ની સપના માળી નામની મહિલાએ સાર્થક કરી બતાવી છે નાણા ડબલ કરવાની લાલચ નું ફાઈનાન્સ માર્કેટિંગ કરી અનેક લોકો ના લાખો રૂપિયા લઈને પાલનપુર છોડી ને સપના માળી ફરાર થઈ જતા રોકાણકારો ને રાતા પાણી એ રોવાનો વારો આવ્યો છે છેલ્લા બે દિવસ થી સપના માળી એ સાધ્વી જયશ્રીગીરી જેમ પાલનપુર શહેર માં ટોક ઓફ ધ ટાઉન બની છે જો કે આ બાબત હજુ સુધી કોઈ પોલીસ ફરિયાદ નોધાઇ નથી.સખી મંડળ ના નામે માસિક ડાયરી શરુ કરી લોકો ને ૧૩ અને પછી ૧૮ માસે જમા થયેલી રકમ ના ડબલ કરવાની લાલચે અનેક લોકો આ ટૂંકાગાળા ની યોજનો નો લાભ લેવા જોડાયા હતા જો કે સપના માળી પ્રથમ વાર તો રોકાણકારો ને નાણા ને ડબલ કરી ને આપ્યા પણ હતા જો કે નાણા ડબલ ની લાલચે અનેક લોકો એ લાખો રૂપિયા રોકાયા હતા પરંતુ સપના માળીની મુદત પાકે તે પહેલા લોકો ના કરોડો રૂપિયા નું પોટકું બાંધી પાલનપુર શહેર માંથી ગાયબ થઈ ગઈ છે આ છેતરપીડી સૌથી વધારે શાકભાજી ના વેચાણ કરતા દેવીપુજકો ના નાણા રોકાયેલા છે

પાલનપુર શહેરમાં રિધ્ધિ સિધ્ધી ફ્લેટ માં સપના માળી ના નિવાસ સ્થાન પર તાળા જોવા મળ્યા હતા જો કે સપના માળી સામે પોલીસ ફરિયાદ બાદ જ આગળ ની કાર્યવાહી થઈ શકે તેમ છે

જો કે બનાસકાંઠા જિલ્લા દિન પ્રતિદિન છેતરપિંડી તત્વો દ્વારા લખો રૂપિયા પડાવાતા હોય તેમ વધુ એક કિસ્સો સામે આવ્યો છે.જેમાં બનાસકાંઠામાં છેતરપિંડી નો આ ચોથો બનાવ છે.જેમાં પહેલા સંજીવની,ખેતેશ્વર,અર્બુદા કો ઓપરેટીવ બાદ વધુ એકવાર એક ના ડબલ કરતા કેટલાય લોકો ને રાતા પાણી એ રડવાનો વારો આવ્યો છે। પાલનપુર ના સિદ્ધિ એપાર્ટમેન્ટ માં રહેતી સપના માળી સામે ત્રણ દિવસ અગાઉ પણ આવી જ રીત ની છેતરપિંડી કરાયા ના પગલે ૩ અરજદારો એ નોટિસ પણ ફટકારી છે જો કે હાલ માં પોલીસ આ મામલે ફરિયાદ ની રાહ જોઈ રહી છે

જો કે લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મળે એ કહેવત અનુસાર લોકો છેતરાઈ રહ્યા છે ત્યારે હવે તંત્ર આ મુદ્દે કોઈ ઠોસ પગલાં ભરે તે જરૂરી છે જો કે સ્થાનિકો આ મામલે ફરિયાદ કરશે કે પછી કેમ એ પણ એક સવાલ છે પણ છેતરાયા છે એ વાત નક્કી છે.

અરવલ્લી જિલ્લાની જમીન સોનેરી રંગે રંગાઈ

જિલ્લામાં ઘઉંના મબલખ ઉત્પાદનથી ખેડૂતોમાં આનંદ

અરવલ્લી, તા. ૨૫

અરવલ્લી જિલ્લામાં રવિ સિઝનમાં મોટાભાગના ભૂમિપુત્રો ઘઉંની ખેતી પર નિર્ભર રહે છે. ચાલુ વર્ષે ચોમાસાની સિઝનમાં વ્યાપક પ્રમાણમાં વરસાદ થતાં અને ઘઉંની ખેતીને માફકસર ઠંડી પડતા જિલ્લામાં ઘઉંની ખેતી કરનાર ખેડૂતોમાં મબલખ ઉત્પાદન મળતા આનંદ છવાયો છે. અરવલ્લી જિલ્લાની મોટાભાગની ખેતીલાયક જમીનનો મહત્તમ ભાગ ઘઉંના તૈયાર પાકથી સોનેરી રંગે રંગાઈ હોય તેવો નજારો જોવા મળી રહ્યો છે. જિલ્લાના માર્કેટયાર્ડોમાં ઘઉંની બોરીની આવકમાં મોટા પ્રમાણમાં વધારો થતા વેપારીઓ પણ હરખાયા હતા.

અરવલ્લી જિલ્લાના ખેડૂતોના જણાવ્યા અનુસાર આ વર્ષે ઘઉંનો પાક મબલખ ઉતર્યો છે. જેના પગલે જિલ્લામાં ઘઉં પકવતા ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. જિલ્લામાં પીયત અને બીન પીયત જમીનમાં ઘઉંનું વાવેતર ચાલુ સાલે કરવામાં આવ્યુ હતુ. ખેડૂતોને હાલમાં ઘઉંના ક્વિન્ટલના રૂપિયા ૨૦૦૦થી ૩૦૦૦ સુધીના ભાવ મળતા રાહત મળી છે. જિલ્લામાં પંચાયત ખેતીવાડીના સૂત્રોના જણાવ્યા મુજબ એક વિઘા દીઠ ઘઉંના ઉત્પાદનની પરિસ્થિતિ જોતા જિલ્લામાં સરેરાશ એક વિઘા પિયત ઘઉંનું ૪૦૦ કિલો અને બિન પિયત જમીનમાં ઘઉંનું ઉત્પાદન ૧૫૦ કિલો થયુ છે. વિઘાદીઠ પિયત અને બિનપિયત ઘઉંની ઉપજ સંતોષકારક હોવાનું જાણવા મળ્યું છે.

તદ્ઉપરાંત દર વર્ષે ઘઉંની લણણી સમયે કમોસમી માવઠુ થતા ઘઉંના ઉત્પાદન પર ભારે અસર વર્તાવાની સાથે પાકમાં રોગ આવી જતા ખેડૂતોને ભારે નુકશાન સહન કરવુ પડ્યુ હતુ. ખેડૂતપુત્રો ઘઉંમાં રોગ ન આવે તે માટે વિવિધ દવાઓ અને ખાતરોનો ઉપયોગ કરી દેખરેખ રાખતા ઘઉંના પાકને રોગથી બચાવી શકાયો હતો. સામાન્ય રીતે ઘઉંના પાકમાં ગેરૂ, કાળી ટીપકી, પાનનો સુકારો જેવા રોગો દેખાતા હોય છે. જ્યારે ઘઉંના પાકમાં આવતી જીવાતોમાં મોલોમોસી, ગાભખારની ઈયળ જેવી જીવાતો પણ નહિવત દેખાઈ રહી છે.

અરવલ્લી જિલ્લામાં ઉત્પાદન થતા ઘઉં જિલ્લાની વિવિધ સોર્ટેક્ષ મિલો દ્વારા ખરીદી કરી દેશની મેગાસીટી અને વિદેશમાં પણ નિકાસ થતી હોવાથી સારા ઉત્પાદનના પગલે ઘઉંના ઉંચા ભાવ મળવાની આશાએ ખેડૂતો મલકાઈ રહ્યા છે.

ચોઈલામાં પટેલ અને મારવાડીઓ વચ્ચે ધીંગાણું

ટોળાએ જીપ અને 3 બાઇક સળગાવ્યા : પોલીસે ઘટના સ્થળે પરિસ્થિતિ પર કાબુ મેળવ્યો : પ્રેમ પ્રકરણને લઇને સમગ્ર ઘટના બની

અરવલ્લી, તા. ૨૫

એન્કર - અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના ચોઈલા ગામે યુવક યુવતીના પ્રેમ લગ્નની અદાવતમાં બે જૂથ વચ્ચે અથડામણમાં એક મકાન જીપ અને ત્રણ બાઈક સળગાવ્યા ૧૦ લોકો ઈજાગ્રસ્ત પોલીસે ઘટના સ્થળે જઈ મેળવ્યો કાબુ પ્રેમ લગ્ન કરનાર યુગલ ને યુવતીના સંબંધીઓ ઉઠાવી ગયા જેથી ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો હતો.

બાયડ તાલુકાના ચોઈલા ગામે એક મહિના અગાઉ ગામમાં રહેતા પટેલ પરિવારના યુવકે ગામમાં જ રહેતી રાજસ્થાની યુવતી સાથે પ્રેમ લગ્ન કર્યા હતા જે બાબતે અદાવત રાખી આજ રોજ રાત્રીના સુમારે યુવતીના રાજસ્થાની પરિવારજનો ફોરચ્યુનર કારમાં આવી યુવકના પરિવારજનો પર લોખંડની પાઈપો લાકડીઓ વડે હુમલો કર્યો હુમલામાં ૮ થી ૧૦ લોકો ઈજાગ્રસ્ત થયા હતા અને પ્રેમ લગ્ન કરનાર યુવક યુવતીને માર મારી ઉઠાવી ગયા હતા જેથી ગામના ઉશ્કેરાયેલા ટોળાએ એક જીપ અને ત્રણ બાઈકને આગ ચાંપી હતી અને એક મકાન પણ આગની ઝપેટમાં આવી ગયું હતું. ઘટનાની જાણ થતા બાયડ તેમજ જિલ્લામાંથી પોલીસ કાફલો ઘટના સ્થળે આવી પહોંચી મામલો થાળે પડયો હતો અને બાયડના ચોઈલામાં રાજસ્થાની તોફાની ટોળા અને અપહરણ કરી ઉઠાવી જનાર યુવક યુવતીને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે ઘર્ષણમાં ઘાયલ થયેલ તમામને બાયડ વાત્રક મોડાસા અને અમદાવાદ સારવાર અર્થે ખસેડ્યા હતા. હાલ ગામમાં પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે અને બંને પક્ષે ફરિયાદ લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

બાયડના ચોઈલામાં એક પ્રેમ પ્રકરણે આખા ગામમાં અજંપા ભરી સ્થિતિનું નિર્માણ કર્યું છે અને પરિવારજનો ને નુકશાન વેઠવાનો વારો આવ્યો છે સાથે જ આ પ્રેમી યુગલનું અપહરણ પણ કરવામાં આવ્યું છે જેથી યુવકના પરિવારજનો ચિંતામાં મુકાયા છે એટલે જ પોલીસે આ યુગલને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવી જોઈએ.

પ્રાંતિજના સાદોલિયા ચેક ડેમમાં વિજાપુરના કોટડી ગામની મહિલાએ અગમ્ય કારણોસર પડતું મુક્યું

પ્રાંતિજ-હિંમતનગર ફાયર બ્રિગેડની ટીમ દ્વારા મહિલાને મૃત હાલતમાં પાણીમાંથી બહાર કાઢવામાં આવી

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાનાં સાદોલીયા પાસે આવેલ ચેક ડેમમાં વિજાપુર તાલુકાની કોટડી ગામની મહિલાએ અગમ્ય કારણોસર પાણીમાં પડતું મુકી જીવન લીલાંનો અંત આણ્યો હતો.

પ્રાંતિજના બાલીસણા ગામની દિકરી સોનલબેન ઉર્ફે ટીના કે જેવો વિજાપુરના કોટડી ગામે કમલેશભાઈ ઉર્ફે જગતસિંહ ઠાકોર સાથે લગ્ન થયાં હતાં અને તા. ૨૩/૩/૨૦૧૭ ને ગુરૂવારના રોજ સોનલબેન પિયર જવું છે તેમ કહીને ઘરેથી નિકળ્યા હતાં અને પ્રાંતિજના સાદોલિયા પાસે સાબરમતી નદી ઉપર બનાવેલ ચેક ડેમમાં કોઈ અગમ્ય કારણોસર ચેક ડેમમાં પડતું મુક્યુ હતું. જયારે ત્યાંથી પસાર થતાં રાહદારીની નજર પડતાં તેણે બુમાબુમ કરતાં આજુબાજુના લોકો દોડી આવ્યાં હતાં અને પુલ ઉપરથી અવર જવર કરતાં વાહન ચાલકો પણ વાહનો થોભી દોડી આવ્યાં હતાં જયારે પ્રાંતિજ પોલિસને જાણ કરતા પ્રાંતિજ પીઆઈ ટી. બી. રાઠોડ તેમણી ટીમ સાથે ઘટના સ્થળે દોડી આવ્યા હતાં જયારે પ્રાંતિજ નગરપાલિકા ફાયર ટીમ મુકેશભાઈ તથા ગોપાલભાઈને પણ સમાચાર મળતાં ઘટના સ્થળે દોડી આવ્યા હતાં અને પાણીમાં શોધખોળ હાથ ધરી હતી જયારે હિંમતનગર ડિઝાસ્ટરમાંજાણ કરતા તેવો પણ ઘટના સ્થળે દોડી આવ્યાં હતાં અને ત્રણ કલાકની શોધખોળ બાદ સોનલબેનને પાણીમાંથી મૃત હાલતમાં મળી આવ્યાં હતાં જયારે પ્રાંતિજ પી.આઈ.ટી.બી. રાઠોડ દ્વારા મૃતકને પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પી.એમ અર્થે ખસેડવામાં આવી હતી અને મહિલા કોણ છે કયાની છે તેની તપાસ ઘટના સ્થળ ઉપરથી મળી આવેલ મોબાઈલના આધારે પોલીસ દ્વારા શોધખોળ કરવામાં આવી હતી અને મહિલાની ઓળખ થઈ હતી જયારે પોલિસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

કાંકરેજ તાલુકાના શિહોરી ખાતે સદ્ભાવના મિશન ગ્રુપ દ્વારા પાણીની પરબનું ખાતમુહૂર્ત

શિહોરી, તા. ૨૫

કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી ખાતે સદ્ભાવના મિશન ગ્રુપ કાંકરેજ દ્વારા આજરોજ તાલુકા પંચાયત કચેરીના બહારના ભાગમાં પાણી પરબનું ખાતમુહૂર્ત સવારે ૮ વાગ્યાના સુમારે પંડિત કમલેશભાઈ જોષીના અધ્યક્ષસ્થાન પુંજાવિધી તેમજ પાયો ખોદી ઈંટ મુકીને મુહૂર્ત કરવામાં આવ્યું હતું. ઉનાળાની સીઝન ચાલુ થઈ ગઈ છે. ગરમી ધોમ પડતી હોય છે. તેમજ શિહોરી ખાતે સરકારી કચેરીઓ હોવાથી આજુબાજુના ગામડામાંથી કામ અર્થે શિહોરી ખાતે કચેરીઓમાં આવતા હોઈ પાણી પરબ બનાવવાનું ભગીરથી કામ સદ્ભાવના મિશન ગ્રુપ દ્વારા હાથ ધરવામાં આવ્યુ છે. લોકોના સાથ સહકારથી પાણીની પરબ બનાવવાનું કામ પૂર્ણ થાય તેવું સદભાવના ગ્રુપ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો હતો. ખાતમુહૂર્તમાં સદ્ભાવના મિશન ગ્રુપના સભ્યો દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

ઊંઝા વિસ્તારમાં વધતુ ગુન્હાખોરીનું પ્રમાણ

ઊંઝા, તા. ૨૫

ઊંઝા વિસ્તારમાં પોલીસતંત્રની નિષ્ક્રિયતાને કારણે ગુનાખોરીનો ગ્રાફ દિનપ્રતિદિન વધતો જાય છે. વેપારીમથક ઊંઝાના માર્કેટયાર્ડમાં હાલ સિઝન ચાલતી હોઈ બરારથી ખેડૂતો પોતાના ખેત ઉપજના માલોનું વેચાણ કરવા માટે આવી રહ્યા છે, ત્યારે સૌરાષ્ટ્રમાંથી અત્રે માલો વેચવા માટે આવેલ ખેડૂતવર્ગના બે વ્યક્તિઓની બે બોલેરો ગાડીઓની ઉઠાંતરી થઈ હોવાના બનાવો બન્યા છે.

સૌરાષ્ટ્રના મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાના લુણાસર ગામના હરેશભાઈ બચુભાઈ વસીયાણી પટેલ અને સુરેન્દ્રનગર જિલ્લાના માંગરોળ ગામના ભુપતભાઈ હૂકાભાઈ બોલેરો ગાડીઓ લઈ ઊંઝા ગંજબજારમાં માલ વેચવા માટે આવ્યા હતા. આ બંને ખેડૂતોની બે બોલેરો મોટરકારો ગંજબજારના ગેટ નં. ૬ની બાજુમાં પાર્ક કરી હતી. જ્યાંથી રાત્રીના સમયે કોઈ તસ્કરો આ બંને બોલેરો કારની ચોરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હતા. ચોરાયેલ બે મોટરકારોની કિંમત રૂપિયા નવ લાખની થવા જાય છે. આ અંગે ઊંઝા પોલીસે વાહનચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મહેસાણા જિલ્લામાં વિશ્વ ક્ષય દિવસની ઉજવણી કરાઈ

મહેસાણા, તા. ૨૫

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા દર વર્ષેવિશ્વ ક્ષય દિવસની ઉજવણી કરવામાં આવે છે જેના ભાગ રૂપે મહેસાણા ખાતે રાજયકક્ષાના વિશ્વ ક્ષય દિવસની ઉજવણીના કાર્યક્રમનું આયોજન આરોગ્ય મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને દુધ સાગર ડેરી ખાતે કરાયું હતું.

ઈ.સ. ૧૮૮૨ની ૨૪મી માર્ચના રોજ ડૉ. રોબર્ટ કોક નામના વૈજ્ઞાનિકે ટી.બી. રોગ થવાના કારણભૂત ટીબીના જંતુ 'માઈકોબેકટેરિયમ ટયૂબરકયુલોસીસ'ની શોધ કરી હતી તેની યાદમાં તેમજ ટીબીના રોગને કાબુમાં લેવા માટેની લડતમાં જનભાગીદારીને સક્રિય બનાવવા સમગ્ર વિશ્વમાં ૨૪ માર્ચના રોજ 'વિશ્વ ક્ષય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે ક્ષય એ જાહેર આરોગ્યનો પ્રશ્ન છે અને ક્ષય નિવારણ એ વિશ્વનો સૌથી મોટો આરોગ્યલક્ષી કાર્યક્રમ છે. ગુજરાત સરકારે ક્ષય નિયંત્રણ કાર્યક્રમ શરુ કરી ટીબીના દર્દીઓને વહેલાસર શોધી તેઓને રોગમુકત કરવા તથા રોગથી મૃત્યુનો દર ઘટાડવા પ્રયત્ન કર્યા છે. તેમણે ક્ષયરોગના નિદાન માટે નવી અને વધુ ઝડપી પધ્ધતિઓ ઉપલબ્ધ કરાવી છે તેમજ નવી ટેકનોલોજીઓ દ્વારા રાજય સરકાર નવીનીકરણ માટે આગળ વધી રહી છે તેમ જણાવ્યું હતું. મંત્રીશ્રીએ ટીબી જેવા રોગો સામે જાગૃતિ અભિયાન માટે સોશ્યલ મિડીયાનો વ્યાપક ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત આગામી ૨૦૨૨ સુધીમાં રાજય સરકારે મેલેરીયા રોગ નાબુદ કરવાના અભિયાનની શરૂઆત કરી છે.

ઈ-નિક્ષય પાયલોટ પ્રોજેકટની શરૂઆત સમગ્ર જિલ્લામાં કરવામાં આવી છે. જેમાં પ્રોજેકટ સાથે સંકળાયેલ ૫૫ જેટલા અધિકારી-કર્મચારીઓને ટેબલેટ આપવામાં આવ્યા છે. સમગ્ર દેશમાં ગુજરાત અને મહારાષ્ટ્રમાં શરુ કરવામાં આવેલ આ પ્રોજેકટની પસંદગી મહેસાણાથી કરાઈ છે. આ પ્રોજેકટ અંતર્ગત ટીબીના તમામ દર્દીઓની સમયસર નોંધણી, ટ્રેટીંગ અને મોનીટરીંગ દર્દીની સમયસર નોંધણી સહિત પધ્ધતિસરની દેખરેખ આપી શકશે.

ધો. ૧૦ બોર્ડ પરીક્ષા સંપન્ન

આકરૂન્દ કેન્દ્રને બદનામ કરવાની સાજીશ નિષ્ફળ

અરવલ્લી, તા. ૨૫

અરવલ્લી જિલ્લાના આકરૂન્દ પરીક્ષા કેન્દ્રમાં ધો. ૧૦ બોર્ડની પરીક્ષા શાંતિપૂર્વક સંપન્ન થઈ છે. કેટલાક તત્વોએ ઈરાદાપૂર્વક આકરૂન્દ પરીક્ષા કેન્દ્રને બદનામ કરવા માટે બીડુ ઝડપ્યુ હતુ પરંતુ સ્થાનિક જિલ્લા વહીવટી તંત્ર અને બોર્ડ દ્વારા મોકલવામાં આવેલી વિઝીલન્સ સ્કવોર્ડની મુલાકાત દરમ્યાન પણ કોઈપણ પ્રકારની ગેરરીતી બહાર આવી નથી જેના કારણે ચોક્કસ તત્વો દ્વારા કેન્દ્ર કેવી રીતે બદનામ થાય અને વાલીઓ, વિદ્યાર્થીઓ પરેશાનીમાં મુકાય તે પ્રકારનું કાવતરૂ રચ્યું હતું. આકરૂન્દ પરીક્ષા કેન્દ્રને છેલ્લા ૪ દિવસથી બદનામ કરવાના પ્રયાસ થતાં વાલીઓએ ખુલ્લેઆમ આવા તત્વો સામે મોરચો માંડતા વિઘ્નસંતોષીઓમાં ફફડાટ પેસી ગયો છે.

ધનસુરાના આકરૂન્દ પરીક્ષા કેન્દ્રમાં ધો. ૧૦ બોર્ડ પરીક્ષા શરૂ થઈ તેના બીજા જ દિવસથી કેન્દ્રને બદનામ કરવા માટે ગાંધીનગર સ્થિત માધ્યમિક શિક્ષણ બોર્ડમાં હોડ જામી હતી. બોર્ડે પણ ફરીયાદ મળતાં વિજ્ઞાન, ગણિત, સામાજીક વિજ્ઞાન, અંગ્રેજી, હિન્દી અને સંસ્કૃત વિષયની પરીક્ષામાં વિઝીલન્સ સ્કવોર્ડ મોકલી હતી. સ્કવોર્ડ દ્વારા પણ આકરૂન્દ પરીક્ષા કેન્દ્રમાં કોઈપણ પ્રકારની ગેરરીતી કે શંકાસ્પદ હીલચાલ પણ જોવા મળી નથી. માત્ર ને માત્ર કેન્દ્રને બદનામ કરવાના ઈરાદે ફરીયાદ થતી હોવાનું પણ વિઝીલન્સ સ્કવોર્ડે અવલોકન કર્યુ છે. જ્યારે આકરૂન્દ પરીક્ષા કેન્દ્રને બદનામ કરાતાં રોષે ભરાયેલા વાલીઓ દ્વારા આ મુદ્દે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવાની સાથે આવા વિઘ્નસંતોષી તત્વોને ખુલ્લા પાડવાની માંગ કરશે. અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારી ઝાલાનો સંપર્ક કરતાં તેઓએ આકરૂન્દ પરીક્ષા કેન્દ્રની ફરીયાદ બાબતે તપાસ કરવામાં આવી હતી પરંતુ તથ્ય જણાયુ નથી.

ખેડા જિલ્લા ભાજપના હોદ્દેદારોની બેઠક યોજાઈ

ઉત્તરપ્રદેશ સહિત ચાર રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીમાં જવલંત વિજય બાદ ભાજપને સત્તારૂઢ કરાવી પ્રથમ વખત ગુજરાતમાં આવી રહેલા રાષ્ટ્રીય પ્રમુખ અમિતભાઈ શાહની ઉપસ્થિતિમાં અમદાવાદમાં વિજય વિશ્વાસ સંમેલન મળી રહ્યું છે. ત્યારે તેમના આગમનને વધાવવા અને સંમેલનને સફળ બનાવવા ખેડા જિલ્લા ભાજપ દ્વારા નડિયાદના સર્કિટહાઉસ ખાતે બેઠકોનું આયોજન કરાયું હતું. જિલ્લા ભાજપ પ્રમુખ અને સાંસદ દેવુસિંહજી ચૌહાણ તથા જિલ્લા પ્રભારી જયસિંહજી ચૌહાણ અને વિધાનસભાના મુખ્ય દંડક પંકજભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકોમાં ૨૯મી માર્ચે જિલ્લામાંથી મોટી સંખ્યામાં કાર્યકરો અમદાવાદમાં અમિતભાઈ શાહના આગમનને વધાવવા ઉપસ્થિત રહે તથા વિજય વિશ્વાસ સંમેલનને સફળ બનાવે તેવી આહ્લેક જિલ્લા ભાજપ પ્રમુખ અને સાંસદ દેવુસિંહજી ચૌહાણ દ્વારા કરાઈ હતી. ભાજપના સ્થાપના દિન ૬ એપ્રિલના રોજ જિલ્લા તથા તાલુકા કક્ષાએ અનેકવિધ કાર્યક્રમો યોજીને સ્થાપના દિનની ઉજવણી દબદબાભેર કરવા હોદ્દેદારોને માર્ગદર્શન અપાયું હતું. જિલ્લા પ્રભારી જયસિંહજી ચૌહાણે હોદ્દેદારોને સંબોધતા જણાવ્યું હતું કે વિજય વિશ્વાસ સંમેલન અને ૬ એપ્રિલે ભાજપના સ્થાપના દિનની ઉજવણીનું કાર્ય સુપેરે ઉપાડી લેવુ તથા આ અંગે જિલ્લા તથા તાલુકા કક્ષાએ બુથ લેવલના કાર્યકરો સુધી સંપર્ક કરીને આગામી વિધાનસભાની ચૂંટણીઓ માટે પણ કાર્યકરોમાં નવુ જોમ પેદા થાય તેવા અભિગમ સાથે કામગીરી કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું. સાંસદ અને જિલ્લા ભાજપ પ્રમુખ દેવુસિંહજી ચૌહાણે પણ ઉપસ્થિત હોદ્દેદારોને તાલુકા કક્ષાના પ્રભારી દ્વારા શુ કામ થઈ રહ્યુ છે તેની સમીક્ષા કરાઈ હતી અને જ્યાં પણ હજુ કામગીરીમાં અવકાશ છે ત્યાં જિલ્લાના હોદ્દેદારોનું માર્ગદર્શન મેળવી સંગઠનની પાયાની કામગીરીને પાર પાડવા કામે લાગવા અપીલ કરી હતી.